ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૪૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૩૮ ટકા

**ગાંધીનગર તાપમાન**

# શહેરમાં વધુ ત્રણ ઘરફોડ સાથે તસ્કરોની પોલીસને લપડાક

## જે સેક્ટરમાં પોલીસ સ્ટેશન છે તે જ સેકટર-૬ માં રાત્રે મેડિકલ સ્ટોરનું શટર તુટયુ અને બે મકાનોમાં પણ ચોરી થઈ

ગાંધીનગર, તા.૨૬

એક તરફ સલામત ગુજરાતની સરકાર ગુલબાંગો પોકારે છે ત્યારે રાજયના પાટનગરમાં જ અસલામતીનો સૂર ઉઠવા પામ્યો છે. પોલીસ એક્શન પ્લાન બનાવીને થાકી ગઈ પરંતુ તસ્કરો તેમનાથી બે કદમ આગળ હોય તેવું લાગી રહ્યું છે. ગત રાત્રિ દરમિયાન જે વિસ્તારમાં પોલીસ સ્ટેશન છે તે જ સેક્ટર-૬ ખાતે એક મેડિકલ સ્ટોરનું શટર તુટ્યુ, એક બંધ મકાનનું તાળુ અને એક મકાનની ઓસરીમાં પડેલું સિલિન્ડર ગેસ ચોરી થઈ ગયો હોવાની ઘટના ધ્યાને આવી છે. સે-૭ પોલીસે આ મામલે ગુનો દાખલ કરી તપાસનો 'ડોળ' શરૂ કર્યો છે.






સેક્ટર-૬ ખાતે રહેતા અને સે-૬ બીમાં જ ગાયત્રી મેડિકલ સ્ટોર નામની દુકાન ચલાવતા દેવાંગભાઈ પ્રફુલભાઈ પટેલે સેકટર-૭ પોલીસ સ્ટેશનમાં ઘરફોડની ફરિયાદ નોંધાવી છે. દેવાંગભાઈ રાત્રે મેડિકલ સ્ટોરને તાળું મારીને ઘરે ગયા બાદ સવારે તેમના પર ફોન આવ્યો કે તેમના મેડિકલ સ્ટોરનું શટર તૂટેલી હાલતમાં પડયું છે. સ્ટોર પર જઈને તપાસ કરી તો શટર તૂટેલું હતું અને દુકાનની અંદર બધો સામાન વેર વિખેર પડયો હતો. સ્ટોરમાંથી રોકડ રૂપિયા ૧૫૦૦૦ અને રૂપિયા પાંચ હજારની કિંમતની કોસ્મેટિક દવાઓ મળી રૂપિયા ૨૦ હજારની મતા ચોરીને તસ્કરો ફરાર થઈ ગયા હતા. આ મામલે પોલીસને જાણ કરીને બોલાવવામાં આવી ત્યારે આજ સેકટરમાં બીજા બે ચોરીના બનાવો પણ બન્યા હોવાનું બહાર આવ્યું હતું. સેકટર-૬ ખાતે પ્લોટ નંબર ૪૯૫/૨ ના મકાન માલિક ચંદ્રવદન ભગવતભાઈ ત્રિવેદી ઓસ્ટ્રેલિયા ખાતે રહે છે તેમના મકાનનું તાળુ તોડી અંદરથી ચોરીનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ચંદ્રવદનભાઈના ભાઈ નિલેશભાઈ ગાંધીનગર રહે છે તેમણે આવીને તપાસ કરીને જોયું તો મકાનમાં સામાન વેર વિખેર પડયો હતો અને ચોરીનો પ્રયાસ થયો હતો જો કે અંદરથી કાંઈ ગયું ન હતું. તે ઉપરાંત બાજુમાં એક બીજા મકાનમાં પણ ચોરીનો બનાવ બન્યો હતો. દિનેશભાઈ અમીચંદભાઈ પટેલના મકાનની ઓસરીમાં પડેલો ગેસનો સિલિન્ડર પણ ચોરો ઉઠાવી ગયા હતા. સેક્ટર-૭ પોલીસે ગુનો દાખલ કરીને પી.એસ. આઈ. એમ. સી. સોલંકીએ વધુ તપાસ આરંભી છે.

# પંચાયત વિભાગમાં ૪૨૧૨ જગ્યાઓ ખાલી

ગાંધીનગર, તા.૨૬

રાજયભરની પંચાયત કચેરીઓમાં જુ. કલાર્ક, તલાટી અને નાયબ ચીટનીશની ૪૨૧૨ જગ્યાઓ ખાલી પડી છે. જે સંદર્ભે તાજેતરમાં જ જિલ્લા વિકાસ અધિકારીઓ સાથે બેઠક યોજી વિકાસ કમિશનરે સમીક્ષા કરી હતી.

રાજયના ૩૩ જિલ્લા પંચાયતમાં વર્ગ-૩ કક્ષાની જુનિયર કલાર્ક, તલાટી કમ મંત્રી અને નાયબ ચીટનીશની મહેકમ મુજબની હાલના સમયમાં હજારોની સંખ્યામાં કર્મચારીઓની ઘટ દેખાય છે. આ ખાલી જગ્યાઓ ભરવા માટે રાજયના વિકાસ કમિશનરે જિલ્લા વિકાસ અધિકારીઓ સાથે બેઠક યોજી ખાલી જગ્યાઓ માટેની વિગતો માંગી હતી. જુ. કલાર્કની ૪૧૮૧માંથી માત્ર ૨૧૦૭ જગ્યાઓ ખાલી છે. તલાટી કમ મંત્રીની ૧૧૮૧૦ જગ્યાઓ સેટ અપ મુજબ મંજુર થઈ પરંતુ ૯૯૯૧ જગ્યાઓ ખાલી છે. નાયબ ચીટનીશમાં સીધી ભરતી મુજબનું ૨૩૬ સેટઅપ મંજુર થયું છે. જેમાં ૧૫૪ જગ્યાઓ ભરાયેલી છે જયારે ૮૨ જગ્યાઓ ખાલી છે. બઢતીથી નાયબ ચીટનીશની ૮૬૮ જગ્યાઓ ભરવા માટે મંજુરી મળી છે પરંતુ તેમ છતાં હજુ સુધી ભરતી થઈ નથી.



પાટનગરના સેકટર-૬ અને ૭ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષણના માંધાતા હરિભાઈ ચૌધરી અને નગરસેવક નાઝાભાઈ ઘાંઘરે વૃક્ષારોપણ કર્યું હતું. સેકટર-૭ ખાતે ચૌધરી સ્કૂલ પાસે તથા સેકટર-૬ શિવશકિત મંદિર પાસે વૃક્ષો વાવવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ભાજપના શહેર પ્રમુખ મહેન્દ્ર પટેલ (દાસ), વસાહત મંડળના પ્રમુખ જે.જી. ભટ્ટ, નગરસેવક પાર્વતીબેન ઉપસ્થિત રહ્યા હતા.

# ફિશરીઝ ડિપાર્ટમેન્ટના નાયબ નિયામક રૂપિયા ૧ લાખની લાંચ લેતા ઝડપાયા

## તળાવમાં થતા મત્સ્ય ઉત્પાદનમાંથી દર વર્ષે હપ્તા પેટે ૧૫ લાખ ચૂકવવા નાયબ નિયામકે માગણી કરી હતી : ગાંધીનગર એસીબીએ સરગાસણ ચોકડી પાસે ટ્રેપ ગોઠવી : આરોપી ત્રણ દિવસના રિમાન્ડ ઉપર

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર એન્ટી કરપ્શન બ્યુરોની ટીમે શહેરની સરગાસણ ચોકડી પાસે આવેલી ખેતલાઆપા ટી સ્ટોલ ખાતે ગઈકાલે ટ્રેપ ગોઠવીને ફિશીઝ ડિપાર્ટમેન્ટના સુપર ક્લાસ-૧ ઓફિસર એમ. કે. ચૌધરીને રૂ. ૧ લાખની લાંચ લેતા રંગે હાથ ઝડપી પાડયા હતા. મત્સ્ય ઉદ્યોગ નાયબ નિયામક એમ.કે. ચૌધરીએ ટેન્ડર ધારક વેપારી પાસે ટીંબા તળાવ ગામમાંથી જે મત્સ્ય ઉત્પાદન થાય તેમાંથી દર વર્ષે ૧૫ લાખ હપ્તા પેટે ચૂકવવા માંગણી કરી હતી તે પેટે ના રૂ.૧ લાખ સ્વીકારતા નાયબ નિયામક રંગે હાથ ઝડપાઈ ગયા હતા. આરોપી નાયબ નિયામક ના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર થતા એસીબીએ સઘન તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર એ.સી.બી ને એક ફરિયાદ મળી હતી કે ફિશીઝ ડિપાર્ટમેન્ટના એક અધિકારી તેમની પાસેથી લાંચ સ્વરૂપે રોકડ રકમની માગણી કરી રહ્યા છે. આ ફરિયાદ મળતા ગાંધીનગર એસીબી યુનિટ દ્વારા મહિલા પીઆઈ ક્રિષ્નાબા ડાભી અને તેમની ટીમે ગઈકાલે ગાંધીનગર પાસેના સરગાસણ સર્કલ નજીક ખેતલાઆપા ટી સ્ટોલ ખાતે ટ્રેપ ગોઠવી ફિશરીઝ ડિપાર્ટમેન્ટના સુપર ક્લાસ વન અધિકારી નાયબ નિયામક એમ. કે. ચૌધરી (મહેન્દ્રભાઈ કરશનભાઈ ચૌધરી) ને રૂપિયા ૧ લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડયા હતા. એસીબી ખાતે અધિકારી સામે ફરિયાદ કરનાર મત્સ્ય પાલનનો વ્યવસાય કરે છે અને નાયબ નિયામક એમ. કે. ચૌધરી ફિશરીઝના ટેન્ડર પાસ કરવાની કમિટીમાં બેસતા હોય છે. ફિશરીઝ લીઝ કોન્ટ્રાક્ટ પાંચ-પાંચ વર્ષ અપાવવા માટે ફરિયાદીએ નાયબ નિયામકને અગાઉ ચાર લાખ રૂપિયા આપ્યા હતા આ ઉપરાંત દર વર્ષે ટીંબા તળાવ ગામમાંથી જે મત્સ્ય ઉત્પાદન થાય તેમાંથી રૂપિયા ૧૫ લાખ નાયબ નિયામકને હપ્તા પેટે ચૂકવવા માટે ફરિયાદી પાસે માંગણી કરવામાં આવી હતી. આ રૂપિયા ૧૫ લાખ પૈકી ગઈ કાલે આરોપી નાયબ નિયામકને એક લાખ રૂપિયા આપવાના હતા. જે અંગે ગાંધીનગર એસીબીએ ટ્રેપ ગોઠવીને અધિકારીને એક લાખ સ્વીકારતા રંગે હાથ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપી નાયબ નિયામકની મિલકતો અને તેમના અગાઉના કાંડ બહાર લાવવા એસીબીએ રિમાન્ડની માંગણી કરતા કોર્ટે આરોપીના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

# જૂના સચિવાલય બ્લોક નં. ૧ પાછળ લટકતા જોખમી વીજ વાયરો





ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર જૂના સચિવાલયના બ્લોક નં. ૧ની પાછળના ભાગે બેદરકારીને કારણે ચાલુ વીજ લાઈનના વાયરો જોખમી રીતે લટકતા નજરે પડે છે. આ વીજ વાયરો ચોમાસાની સીઝનમાં મોટો અકસ્માત સર્જે તેવો ભય સર્જાઈ રહ્યો છે.

ગાંધીનગરના જૂના સચિવાલયમાં હજારોની સંખ્યામાં વિવિધ વિભાગોમાં કર્મચારીઓ નોકરી કરે છે ત્યાં જ જુના સચિવાલયના બ્લોક નં. ૧ની બિલકુલ પાછળ કચેરીમાં વપરાશ માટે વપરાતી વીજળીના તોતીંગ વાયરો પસાર થાય છે. જેમાં સખ્યાબંધ ચાલુ વીજ વાયરો ખુલ્લેઆમ તુટીને નીચે લટકી રહ્યા છે. પરિણામે ભવિષ્યમાં ચોમાસાને લઈ વીજ અકસ્માત થવાની સંભાવના દેખાઈ રહી છે. સરકારી કર્મચારીઓ પણ આ તરફથી પસાર થવાનું ટાળી રહ્યા છે. આ ખુલ્લા વીજ વાયરોનો સ્થાનિક તંત્ર દ્વારા યોગ્ય નિકાલ કરવામાં આવે તો સારું નહીંતર ભવિષ્યમાં મોટા વીજ અકસ્માતનો ભય તોળાઈ રહ્યો છે.

# શહેરમાં બાળકોને ઉપાડી જતી ટોળકી બાબતે અફવા ન ફેલાવવા પોલીસની અપીલ

ગાંધીનગર, તા.૨૬

રાજયભરના વિવિધ શહેરોમાં બાળકોને ઉપાડી જતી ટોળકીઓ બાબતે ભારે અફવાઓ સોશ્યલ મિડીયામાં ફેલાઈ રહી છે. જેના કારણે નિર્દોષ નાગરિક ટોળાનો ભોગ બની રહ્યા છે ત્યારે આવી અફવાઓને સોશ્યલ મિડીયાના માધ્યમથી ન ફેલાવવા પોલીસે અપીલ કરી છે. આવી ગાંધીનગર શહેરમાં કે જિલ્લામાં કોઈ ઘટના બની નથી જેથી ભયભીત ન થવું તેમ પોલીસે જણાવ્યું છે.

છેલ્લા ઘણા દિવસોથી સોશ્યલ મિડીયામાં ખાસ કરીને વોટસઅપ મેસેજમાં બાળકોને ઉપાડી જતી ટોળકીઓ આવે છે તેવી પોસ્ટ વિડીયો સાથે વાયરલ કરી ફેલાવવામાં આવે છે. આ એક પ્રકારની અફવા છે. આ સંબંધે ગાંધીનગર જિલ્લા સહિત શહેરમાં આવી કોઈ જ ઘટના બની નથી. આવી ઘટનાને પ્રોત્સાહન ન આપવું અને આગળ વાયરલ કરવો પણ કાયદેસરનો ગુનો બને છે જેની નોંધ રાખવા અને કોઈ પણ અફવા ઉપર ધ્યાન ન આપવા ગાંધીનગર પોલીસે અપીલ કરી છે અને કોઈ આવી બાબત ધ્યાનમાં આવે તો પોલીસ કંટ્રોલ રૂમમાં ૧૦૦ નંબર પર જાણ કરવા જણાવાયું છે.

# નશાકારક પદાર્થના દુરુપયોગ અંગે બીએસએફની રેલી યોજાઈ



ગાંધીનગર સીમા સુરક્ષા દળ દ્વારા નશાકારક પદાર્થનો દુરુપયોગ અને ગેરકાયદેસર વ્યાપાર વિરોધી દિનની ઉજવણીનું આયોજન કરાયું હતું. જેમાં સીમા સુરક્ષા દળના જવાનોએ રેલી યોજી હતી.

ગાંધીનગર સ્થિત બીએસએફ કેમ્પ સંકુલ ખાતેથી યોજાયેલ રેલીમાં બેનર અને પોસ્ટર સાથે ૨૭૦ જેટલા જવાનો જોડાયા હતા. નશાકારક પદાર્થના દુરુપયોગ મામલે જાગૃત કર્યા હતા. આ મામલે ડૉ. શૈલેષ પંડિતે માદક પદાર્થના દુરુપયોગથી થતા નુકશાન અંગે માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં બીએસએફના મહાનિરીક્ષક અજયકુમાર તોમર, એસ.એન.ડી. પ્રસાદ સહિત અનેક અધિકારીઓ જોડાયા હતા.

# પ્રી કાસ્ટ બસ સ્ટેન્ડની બેઠકો વરસાદી પાણીથી તરબોળ

## નવા બનેલા બસ સ્ટેન્ડની બારીઓમાંથી વરસાદી પાણી અંદર આવ્યું : છત બનાવેલ ન હોવાથી સ્થિતિ સર્જાઈ : મુસાફરોને હાલાકી

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરમાં તાજેતરમાં જ જુના પીકઅપ બસ સ્ટેન્ડ તોડી તેના બદલે પ્રી કાસ્ટ બસ સ્ટેન્ડ તૈયાર કરવામાં આવ્યા છે. સોમવારના રોજ ધોધમાર વરસાદમાં આ સ્ટેન્ડની બારીઓમાંથી પાણી અંદર આવી ગયું હતું. જે કારણે બનાવેલી બેઠક વ્યવસ્થા ઉપર પાણી ફરી વળ્યા હતા જેથી મુસાફરોને બસ સ્ટેન્ડમાં બેસવા અને ઉભા રહેવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. જો કે નવા બનાવાયેલા આ પ્રી કાસ્ટ બસ સ્ટેન્ડમાં બારીઓ ઉપર છત ન બનાવેલ હોવાથી આ સ્થિતિ સર્જાઈ હોવાનું મુસાફરો જણાવી રહ્યા છે. આમ પ્રથમ ગ્રાસે મક્ષીકા જેવો ઘાટ બન્યો છે.






ગાંધીનગર શહેરમાં દરેક પીકઅપ સ્ટેન્ડ મુસાફરોને શ્રેષ્ઠ સુવિધા મળે તે હેતુથી પ્રિકાસ્ટના બનાવવામાં આવ્યા છે. સોમવારના રોજ ખાબકેલા પ્રથમ વરસાદે આ પ્રી કાસ્ટ પીકઅપ સ્ટેન્ડની ડિઝાઈન ખામી ભરેલી હોવાનું સાબીત કરી નાંખ્યુ હતું. સેકટર-૨૮/ ૨૯, ઘ-૬, ઘ-૫ તેમજ શહેરના અન્ય દરેક ઠેકાણે બનાવેલ આ પ્રીકાસ્ટ બસ સ્ટેન્ડની બારીઓમાંથી વરસાદી પાણી અંદર ઘુસી આવ્યા હતા અને અને બારીને અડીને બનાવેલી બેઠક વ્યવસ્થામાં પાણી ભરાઈ ગયા હતા જે વધુ પ્રમાણમાં હોવાથી બસ સ્ટેન્ડની અંદર પણ પાણી પાણી થઈ ગયું હતું. જેથી હાજર મુસાફરો ન તો બેસી શકયા હતા કે ન તો ઉભા રહી શકયા હતા તેવી સ્થિતિ સર્જાઈ હતી. આથી સત્વરે તંત્ર દ્વારા બારીઓની ઉપર છત કે આડશ ઉભી કરાય તેવી માંગ ઉભી થઈ છે જેથી ચોમાસાની સિઝનમાં મુસાફરો વરસાદી પાણીથી બચી શકે.

## @ગાંધીનગર

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત નાટક 'બેનકાબ'નો શો રાત્રિના ૯.૩૦ કલાકે ટાઉનહોલ ખાતે યોજાશે.

● સેકટર-૩-સી, શકિત ચોક મંદિરે બપોરે ૪ થી ૬ કલાકે મધુબેન કડીકરના કંઠે આનંદનો ગરબો તથા સાંજે ૭ કલાકે મહાઆરતી યોજાશે.

## વાતવાતમાં

● શહેરમાં સેકટર-૪ ખાતે રહેતા વિધાનસભાના એક કર્મચારીએ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આ કર્મચારીને બચાવી લેવાયો છે અને તેને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

● મહેસુલી તલાટીની જગ્યાઓ માટે પરીક્ષાના જે ઉમેદવારોના નામ પ્રતિક્ષા યાદીમાં સામેલ કરાયા છે તેમના પ્રમાણપત્રો ચકાસણીનો કાર્યક્રમ તૈયાર થઈ ગયો છે. ટૂંક સમયમાં આ અંગે ઉમેદવારોને જાણ કરી ચકાસણી હાથ ધરાશે.

● ગાંધીનગરના માર્ગો પર વેચાતી કેરી અદૃશ્ય થવા લાગી છે. વરસાદી વાતાવરણ સર્જાતા કેરીના ભાવોમાં કડાકો બોલાશે તેવી પણ વેપારીઓમાં ભીતિ સેવાઈ રહી છે.

● વરસાદ રોકાતા ગરમી પુનઃ થોડી વધી છે અને પાંખવાળા જીવડાંનો ત્રાસ શરુ થઈ ગયો છે. વસાહતીઓને રાત્રે જીવડાંને કારણે બારી-બારણાં બંધ રાખી રહેવું પડે છે.

## ગુજરાત પોર્ટ એન્ડ ડોક કર્મચારી મહાસંઘનો ધરણાનો કાર્યક્રમ મોકુફ

ગાંધીનગર, તા.૨૬

ગુજરાત પોર્ટ એન્ડ ડોક કર્મચારી મહાસંઘ દ્વારા આયોજીત ૨૭મી જૂને યોજાનાર ધરણાનો કાર્યક્રમ હાલ પુરતો મોકુફ રાખવામાં આવ્યો છે.

ભારતીય મઝદુર સંઘ સાથે સંલગ્ન ગુજરાત પોર્ટ એન્ડ ડોક કર્મચારી મહાસંઘ દ્વારા આવતીકાલ ૨૭મી જૂન ૨૦૧૮ના રોજ દરેક બંદરે તથા ગાંધીનગર સ્થિત બોર્ડની વડી કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓ દ્વારા 'સત્યાગ્રહ છાવણી' ગાંધીનગર ખાતે પ્રતિક ધરણાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પરંતુ ગત રોજ મેનેજમેન્ટ સાથે મંડળના સભ્યોની બેઠક મળી હતી. જેમાં મેનેજમેન્ટ દ્વારા કર્મચારીઓના પ્રશ્નો ટુંક સમયમાં જ હલ કરવામાં આવશે તેવી હૈયાધારણા આપતા સંઘ દ્વારા હાલ પુરતો ધરણાનો કાર્યક્રમ મોકુફ રાખવાનો નિર્ણય કરાયો છે.

## ચક્ષુદાન

પેથાપુર નિવાસી શાંતાબેન કાનજી પટેલનું ૮૦ વર્ષની વયે અવસાન થતાં તેમના કુટુંબીજન નારાયણ પટેલની સંમતિથી સ્વર્ગસ્થનું ચક્ષુદાન લેવામાં આવ્યું હતું. સદર કાર્યમાં તબીબી સેવામાં ડૉ. ગુલામ મુસ્તફા તથા જુનિયર સીટીઝન્સ કાઉન્સિલના દિલિપ દંતાણીએ સેવા પુરી પાડી હતી. સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતેની ચક્ષુબેંક ખાતે દિલીપ દંતાણી દ્વારા પહોંચાડવામાં આવ્યા હતા.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર દરીયાબેન કાન્તીજી, ઉ.વ. ૬૦
- સ્વ. સોની રમણલાલ શંકરલાલ, ઉ.વ. ૭૨
- સ્વ. હરીજી જીવણજી બિહોલા, ઉ.વ. ૯૦
- સ્વ. સથવારા રમેશભાઈ ગોવિંદભાઈ, ઉ.વ. ૯૦